## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તારા સુધી જવા મને પરવાનગી હતી,
કારણ કે મારી યોગ્યતા દીવાનગી હતી !
કાળી સડક અમારી પછી ઝળહળી હતી
જ્યાં શોકમાંથી શ્લોક તરફ જિંદગી હતી
માણસનો એટલે હવે મહિમા કરો,કવિ;
ઇશ્વર વિશે અહીં ઘણી નારાજગી હતી !

- ગૌરાંગ ઠાકર.

### પાથેય

- રમેશ ઠક્કર

# માણસ હોવાનો વૈભવ....

માણસ છે તો જગત છે..બાકી બધો વૈભવ ભલે અગણિત છે પરંતુ માનવી છે એટલે જ એનું ગણિત છે..ગણતરી છે..કારણકે માણસ પાસે બુધ્ધિ છે સાહસ છે અને સંકલ્પ છે જેના થકી એ પોતાને જે મળે છે એ દરેકને એક આગવું રૂપ આપે છે આગવી ઓળખ આપે છે..પોતાના પ્રયાસોથી દુનિયાને વિવિધ આકાર આપતો માનવ એક ધૂન સાથે જીવતો હોય છે. તાલાવેલી અને લગન એ જ એના માટે મહત્વનાં ઓજારો બની જાય છે..કોઈપણ સાહસ અને એના થકી મોતી સફળતાને પામવા માટે હુન્નર, કળા, વિજ્ઞાન;સાહસ,કે માણસની બુધ્ધિ જેવી બાબતો દેખીતી રીતે કારણભૂત લાગે પણ કોઈપણ ધ્યેય માટે જો જરૂરી અને અનિવાર્ય બાબત હોય તો એ છે માણસની દીવાનગી ! લક્ષ્ય માટેનો સંકલ્પ..એ જ આપણને કોઈ પરમ તત્વ સુધી પણ લઈ જવા સમર્થ હોય છે..

જીવન એક સફર છે.અહીં છે રસ્તાઓ કે સડકો સહુ કોઈને મળે છે એ એકસરખા હોય છે..કોઈને માટે અલગ રસ્તા કોઈ બનાવતું નથી..માણસ પોતે એ રસ્તાઓને ઘાટ આપે છે પોતાની ચાલ થકી ! એટલે કહી શકાય કે અહીં રોડનું નહીં પરંતુ મનમાં ભરેલા કોડનું મહત્વ હોય છે..સોની અને નિર્જન સડકો ઉપર સરકતી શુષ્કતાઓ શોકમય ના બનવી જોઈએ..એમાં ઉમંગ અને જીવંત સાહસિકતા આવે તો એ શોક જાણે શ્રૂલોકમાં પરિવર્તિત થઈ જતો હોય છે !..સડક આપણને સધિયારો આપે છે જો દિલમાં કોઈ જઝબાત હોય તો..એ જ સડક બિહામણી બનીને ઉભી રહી જાય છે જો આપણા ચરણોમાં ગતિ ના હોય તો ! કેટલાક લોકો પોતાના ધ્યેય થકી સોહામણી કેડીઓ કંડારી જાય છે..જગતમાં આવા લોકો કોઈ જાદુગરથી કમ નથી હોતા..

આપણી મોટા ભાગની ધારણાઓ કાલ્પનિક હોય છે..આપણી આસપાસ જે જગત છે એ ભૌતિક નિયમોથી ચાલે છે..કોઈ આવીને આપણું કામ કરી જાય એ વાત જ પોકળ છે..આપ મૂઆ વિના સ્વર્ગે ના જવાય ! માણસ પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે..ઈશ્વરની પરિકલ્પના આત્મ ઉધ્ધાર પૂરતી ઠીક છે બાકી પ્રારબ્ધ કે નિયતી તો એક ઘેલી કલ્પનાઓ છે. આપણે જયારે આવી કલ્પનાનો જયજયકાર મૂકી માનવનું મૂલ્યાંકન કરીશું ત્યારે જ જગતની વિટંબણાઓ થોડીક હળવી થશે.

આત્મરતિ એ પણ માણસની એક યુયુત્સા હોય છે.દાબડામાં ધરબાઈ રહેતી આપણી સંવેદના જો સમષ્ટિ સાથે સાયુજય સાધે તો સોલિડ સધિયારો અનુભવાતો હોય છે..વહેલી સવારે વનરાજીથી લથબથ થતું પ્રભાત પ્રફુલ્લિત કરી જાય છે. ટહેલતાં ટહેલતાં જાણે તાજગી ટપકે છે. દરેક વૃક્ષ સ્વચ્છતાની જાણે મિશાલરૂપ હોય છે..વૈવિધ્યસભર પુષ્પો અને પાંદડાંનું સહઅસ્તિત્વ સરાહનીય જ નહી સૌંદર્યમંડિત હોય છે..સમાનતા સ્વતંત્રતા અને બંધુતાનાં બણગાં ફૂંકતા માણસની મિથ્યા મથામણ સામે ઝાડવાંઓની ઝિંદાદિલ

અનુસંધાન પાના નં. ૭ પર

# પાટીદાર સમાજ માટે 'નરેશ' અને 'નરેન્દ્ર'નો કોયડો

**તંત્રીસ્થાનેથી...**

રાજકીય ક્ષેત્રે ચાલી રહેલા આયારામ-ગયારામ પ્રક્રિયામાં હવે સામાન્ય જનતાને રસ ન જ રહે તે સ્વાભાવિક છે. જે વ્યક્તિ ઊછળી ઊછળીને અને ઘાંટા પાડી પાડીને કોઈ રાષ્ટ્રીય નેતાને કુત્સિત ભાષામાં ભાંડતી હો એ જ એણે પોતાની મૂળ પાર્ટીમાં મળતાં ઠંડા પ્રતિસાદ કે અવગણના પછી ભાટ ચારણની ભાષામાં વખાણવા લાગે, એનાં કાર્યોની પ્રશંસા કરવા લાગે ત્યારે મતદાર જો બૌદ્ધિક સ્તરનો હોય તો એને હસવું જ આવશે અને પેલા નેતાની પાછળ ઝંડા લઈને ફરનારી જમાતને રડવું આવશે. કોંગ્રેસમાંથી એક પછી એક વિકેટો ખરી રહી છે પણ હજી કોંગ્રેસને નરેસ પટેલ જેવા 'એકે હજારાં' નેતાના પ્રવેશની આશા છે. નરેશ પટેલે રાજકારણમાં ઝંપલાવવાનું મન બનાવી લીધું છે. ફક્ત કોંગ્રેસના હાઈકમાન્ડની લીલી ઝંડીની રાહ જોવાઈ રહી છે. કોંગ્રેસને કયારેય નહોતી એવી નેતાગીરીની ક્રાઈસીસ વચ્ચે જો નરેશ પટેલ કોંગ્રેસનો હાથ ઝાલશે તો હાર્દિક પટેલની કોઈ અસર નહીં વપરાય. આખરે સમાજના નામે વોટિંગ કરનારો સમુદાય પણ વિશ્વસનીય, મોભાદાર સામાજિક અગ્રણીનું જ અનુકરણ અને સમર્થન કરવાનું પસંદ કરતો હોય છે. પાટીદારો કયારેય કોંગ્રેસને મત આપશે જ નહીં એ મિથ નરેશ પટેલ જેવા સમર્થ અને સદ્ધર પાટીદાર આગેવાનને મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે રજૂ કરવામાં આવે તો તૂટી શકે એમ છે. આખરે પાટીદાર સમાજને ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલની ખોટ પૂરે એવા નેતા ખપે છે. આજની તારીખમાં ખોડલધામ સવિશેષ લેઉઆ પાટીદારોની આસ્થાનું તીર્થધામ છે. સૌથી અગત્યની વાત એ છે કે ખુદ કેશુભાઈ ટેલ એની પાયાની ઈંટની જેમ એના ઉદયકાળથી એની સાથે સંકળાયેલા રહ્યા છે. સૌરાષ્ટ્રમાં કડવા પાટીદારોની પણ વસતિ છે જેનું આસ્થા સ્થળ સિદસરનું ઉમિયાધામ છે. કેશુભાઈ પટેલ જ્ઞાતિવાદથી પર રહીને પણ પાટીદારોની એકતા માટે પ્રયત્નશીલ રહ્યા હતા. સુરતમાં પાટીદારોની એકતાના પ્રતીક સમો લાડુ બનાવાયો હતો. પાર્ટીની શિસ્ત જાળવવાના આગ્રહી કેશુભાઈ પટેલ પાટીદાર એકતાના હિમાયતી હોવા છતાં પોતાને થયેલ અન્યાય પરત્વે ગુજરાતના પાટીદારો વિદ્રોહનો બૂંગિયો ફૂંકે એવું નહોતા ઈચ્છતા. આખરે કેશુભાઈ પટેલની રાજકીય ક્ષેત્રે ભૂમિકા ઓસરતી ગઈ અને તેઓ સોમનાથ ટ્રસ્ટના ચેરમેન પદે સીમિત બનીને જીવ્યા. પાટીદારોની કેશુભાઈ અને ચીમનભાઈ પછીની પેઢી કોઈ મોટા ગજાનો સર્વસ્વીકૃત નેતા પકડવી શકી નથી. દિલીપ સંઘાણી કે પુરુષોત્તમ રૂપાલાએ કાઠું જરૂર કાઢ્યું છે પણ ખુદ પાર્ટીએ એમને મળવાજોગ તક નહીં આપતા તદ્દન નવા અને મતદાર સમુદાયમાં રાજય કક્ષાએ અજાણ્યા પડી જાય એવા ભૂપેન્દ્રભાઈ પટેલને સુકાન સોંપાયું. આથી શાસક પાર્ટી પાસે સમસ્ત પાટીદાર સમાજને અકબંધ રાખી શકે તેવા પાટીદાર નેતા વિકસે તે પહેલાં જ જો પ્રસ્થાપિત સામાજિક નેતા ખોડલ 'નરેશ' મુખ્યમંત્રીના ચહેરા તરીકે જાહેર થઈ જાય તો આગામી વિધાનસભાની ચૂંટણી ભારે રસાકસી વાળી બનીરહેશે તે નકકી છે. કોંગ્રેસ એની જૂની અને જાણીતી રીતરસમ મુજબ ઓબીસી કાર્ડ અને અનુસુચિત જાતિ - જનજાતિ કાર્ડ ખેલી જ રહી છે. રાહુલ ગાંધી આદિવાસી વિસ્તારોમાં જંગી સભાઓ કરી ચૂક્યા છે અને હજી આગામી દિવસોમાં તેઓ એ જ ટાર્ગેટેડ વોટ બ્લોક માટે ગુજરાતનો પ્રવાસ કરવાના છે. આમ આદમી પાર્ટી પાસે ભાજપને માત આપી શકે એવી કાર્યકર્તાઓની ફોજ નથી અને કેજરીવાલે હજી મોદીની ઈમેજ સાથે બરાબરી કરી શકે એવું કાઠું કાઢ્યું નથી. રાજસ્થાનમાં આવી રહેલી ચૂંટણીમાં મુખ્યમંત્રીના ચહેરા તરીકે વસુંધરા રાજેની બાદબાકી જાહેર થઈ ચૂકી છે. મોદીના ચહેરા પર જ મતદારો સમક્ષ પહોંચવાની પાર્ટીની નીયત પ્રદેશ કક્ષાએ ગુજરાતમાં કામિયાબ રહેતી આવી છે. છતાં 'નરેશ' અને 'નરેન્દ્ર' વચ્ચે પસંદગી કરવાની હોય તો ભાજપના આધારસ્તંભ સમો પાટીદાર સમાજ કઈ બાજુએ ઢળશે તે કળવું મુશ્કેલ તો છે જ.

# ઉંમર તો માની કૂખમાં વધે છે, જન્મ લીધા પછી તો બસ ઘટે છે

'પરથમ પરમામ મારા માતાજીને કહેજો,
માન્યું જેણે માટીને રતનજી,
ભૂખ્યા રહી જમાડ્યા અમને
જાગી ઊંઘાડ્યા એવા
કાયાના કીધા જતનજી'
- રા.વિ. પાઠક
માતૃ દેવો ભવઃ
પિતૃ દેવો ભવઃ
આચાર્ય દેવો ભવઃ
અતિથિ દેવો ભવઃ

એક કાળે આ ચારેય સ્તંભો પર માનવ્યનું સંસ્કાર ઘડતર ટકેલું હતું. આજે આ ચારેય ને લૂણો લાગ્યો છે.

મજૂરી અર્થે આવેલા પરિવારમાં એક આદિવાસી મહિલા પોતાના બે 'સવાસૂરિયાં'ને એક સાથે ખોળામાં લઈને ધમકાવતી જોવા મળી. સવા સવા વર્ષે જન્મનારાં સંતાનોને લોકબોલીમાં 'સવાસૂરિયાં' કહે છે. આ બંને બાળકો વચ્ચે માંડ દસ-બાર મહિનાનો જ તફાવત હશે.

માતાનો ખોળો એટલે પ્રેમની યુનિવર્સિટી... પૌત્રીના જન્મ વખતે મેટર્નિટી હોમનો પ્રત્યક્ષ અનુભવ માણ્યો ! નવજાતને જીવનદીક્ષાનું પયપાન કરાવતી એ ઘડી તો સાચે જ તીર્થોત્તમ !

ગુજરાતીમાં પ્રસુતિ માટેનો એક શબ્દ છે, 'વેજા' એટલે 'જણવું'. 'વેજા' સ્થળ મૂળે સંસ્કૃત 'વેધ' પરથી આવ્યો છે. 'વેધ'માં આરપાર વીંધાવાનો અર્થ જોડાયેલો જે કેટલો સૂચક છે. વેજાનો એક અર્થ પ્રજા પણ થાય.....

આજકાલ સ્ત્રી શિક્ષણ વધ્યું છે. સ્ત્રી આર્થિક ક્ષેત્રે પતિની ભાગીદાર - પૂરક બની છે. હવે એ ઘરકૂકડી રહી નથી. એનેય મહત્ત્વાકાંક્ષાઓ છે. એ પણ પોતાનો વિકાસ ઝંખે છે. બીજી બાજું સંયુક્ત કુટુંબો નામશેષ થયાં. પરિણામે બાળક વહાલ માટે વલખાં મારે છે, ભદ્રવર્ગનાં બાળકો તો આયાના આશરે મોટા થાય છે. સંયુક્ત કુટુંબમાં તો કાકા-કાકી, ભાઈ-ભાઈ કે દાદા-દાદી બાળકની હૃદયભૂત સંતોષતાં... આર્થિક સદ્ધરતા માટે ઝઝૂમતા માં-બાપો પોતાના 'વ્હાલસોયાં' ને સમય આપી શકતાં નથી... મા-બાપના વાત્સલ્ય વિના હિજરાતા બાળકોની સંખ્યા વધતી જાય છે... અમેરિકા જેવા દેશોએ તો 'બેબીસિટીંગ'ની વ્યવસ્થા ઊભી કરી ને પ્રશ્ન ઉકેલવા પ્રયાસ કર્યો પણ ત્યાં તો બાળગુનાખોરીને 'ગનકલ્ચર' જ વિકસ્યું! કીમતી જણસ... લૉકરમાં સલામત રહી શકે તેમ બાળકની સ્થૂળ જરૂરિયાતો સંતોષાય પણ પેલી હૃદયભૂખનું શું?!




એકાંગી ઢભે વિચારનારાં મા-બાપોને સંતાન ઉછેરની સભાનતા જ નથી. પોતાનાં જણ્યાં - આંખનાં રતન ને અન્યાય કરે છે એય એમને ગળે ઉતરવું મુશ્કેલ છે.

સમયની ખેંચવાળાં મા-બાપોની વાત જવા દો. પણ જેમની પાસે સમય છે એય લાપરવાહ છે. બાળકને સાધન-સામગ્રી, ચીજવસ્તુ આપીને છૂટ્ટાં.... પણ બાળકને તો સહવાસની ભૂખ છે, એ સત્ય લાધે ખરું ?!

હાલરડાં ગાઈને સુવાડતી માતાઓનાં ચિત્રો સમાજજીવનમાંથી દુર્લભ થયાં છે. માના અવાજનો સ્પર્શ બાળકને કેવી મીઠી નીંદર આવે.... એ અંગે સભાન ખરાં ?! આજના વિષય આર્થિક સંજોગોમાં બાળઉછેર યક્ષ પ્રશ્ન ભલે લાગે પરંતુ આદર્શ ઉછેર માટે તો કેટલોક ત્યાગ પણ અનિવાર્ય છે.

બાળજન્મનો આરંભનો તબક્કો માની હૂંફ અને પ્રેમથી રસાયેલો હોવો જોઈએ. બાળક મા-બાપ વગર હિજરાતું નથી એ તો પ્રેમ અને હૂંફ વગર હિજરાય છે. અગાઉના સમયમાં સંતાનને આવી સમસ્યા જ નહોતી. બાળકનું લાલનપાલનમાં એકલા હાથે ઉત્તમ રીતે કરતી હતી. માતા બનવાની સાથે જ પોતાના જીવનને ચોમેરથી સંકેલી લેતી. સ્ત્રીપણાને હડસેલી અકદા માતૃત્વને શોભાવતી.... એટલે જ કહેવાયું હશે.... એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. એક સત્ય એ છે કે પિતા કદી માતાનો વિકલ્પ બની શકતો નથી. ઓછા નામે બાળક સમજણું થાય ત્યાં સુધી તો જનેતા પૂર્ણ સમયની મા બની રહે એ ઈચ્છનીય છે. માનો ગુણાનુરાગ છેડવામાં શાસ્ત્ર કે સાહિત્યે કયાં કસર રાખી છે.

દોસ્તો, દૂર દેશવાસથી કોઈ ખાસ મહેમાન આપણે ત્યાં પધારવાના હોય ત્યારે પતિ-પત્ની મહેમાનની યથાશક્ય તમામ સુખ-સગવડનો પ્રબંધ કરે, તો પછી પરિવારમાં એક નવી હસ્તીના પ્રાદુર્ભાવ માટે કેટલી તૈયારી કરવી પડે ! બાળકએ થોડો બોજ છે, એ તો ઉત્સવ છે... ઈશ્વરનો પ્રેમપત્ર છે, એકબાજુ નિઃસંતાન દંપતિઓ ખોળાના ખુંદનાર માટે બાધા-માનતાએ ને ડૉકટર વૈદ્યોને પગથિયાં

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- દિવાળીબેન ભીલની જન્મજયંતિ, ગુજરાતી કોયલ તરીકે જાણીતા લોકગાયિકા અને પાર્શ્વગાયિકા.
- રાજકપૂરની પુણ્યતિથિ, ભારતીય ફિલ્મ અભિનેતા.

### આજનું ઔષધ

- એરંડાના બી-દીવેલાના ફોતરાં કાઢી ચાર-છ બીજ દૂધમાં ઉકાળી પીવાથી વાના રોગો મટે છે તથા પેટ અને પાંચનતંત્રના રોગોમાં ફાયદો થાય છે.

### ખડખડાટ

- ઉનાળાના મોટા વેકેશનમાં કોઈ એક પરિવાર પર બોજ નહીં નાખવાનો. પત્નીને પિયર મોકલો, છોકરાઓને મામાને ત્યાં મોકલો અને તમે પોતે તમારા સાસરો જાઓ. આવી રીતે બધા વહેંચાઈ જાઓ, જેથી કોઈ એક ઉપર બોજ ના આવે.

### આજનો વોટ્સએપ

- જલેબી માત્ર મીઠી જ નથી પણ એક મહત્ત્વપૂર્ણ સંદેશ પણ આપે છે. તમે તમારા જીવનમાં ભલે ગુંચવાયેલા રહો પરંતુ હંમેશા બીજાને મીઠાશ આપો.

# લખીના મોંઢે આ શબ્દો ન સંભળાય તો માલવિકાને ચટપટી થવા માંડતી!

"કેટલી વાર કહું તને? છોકરીની જાત સો. હંધાયનું માનવું પડસે...." લખીનો ઊંચો અવાજ ફરી સંભળાયો. દિવસમાં નહીં-નહીં તો ય પાંચ વખત તો આ શબ્દો માલવિકામેડમને કાને પડતા હશે! હવે તો એમના કાનને આદત થઈ ગઈ હતી! બે-ત્રણ કલાકો વીતી જાય અને તો ય લખીના મોંઢે આ શબ્દો ન સંભળાય તો માલવિકાને ચટપટી થવા માંડતી! વાત જાણે એમ હતી કે લખી જે ગરીબ વસ્તીમાં રહેતી હતી એની સામેનો બંગલો હમણાં જ વેચાયો હતો. અને એ જાણીતાં નારીવાદી લેખિકા માલવિકા જરીવાલાએ ખરીદ્યો હતો. માલવિકાના બંગલાની સાથે બીજા પણ ધનિકોના બંગલા ત્યાં હતા. અને એક વણલખી વ્યવસ્થા એવી થઈ ગઈ હતી કે એ બધા બંગલામાં સામે રહેલી ગરીબ વસ્તીનાં લોકો કામ કરતાં.

અને એમ જોવા જઈએ તો માલવિકાની બરાબર સામે લખીનું ઘર હતું. ઝૂંપડાથી સારું અને પાકા મકાનથી ઊતરતું એ નાનકડું ઘર એમાં રહેતાં ચાર જણાંનો આશરો હતું. વણલખી વ્યવસ્થા મુજબ તો માલવિકાએ લખીને પોતાના બંગલામાં કામે રાખવી જોઈએ પણ લખીના રોજના આ "છોકરીની જાત"વાળા ડાયલોગથી નારીવાદી લેખિકા માલવિકામેડમને બહુ ચીડ ચઢતી! એમને ઘણી વખત એમ થતું કે એ એક દિવસ લખીના ઘરે જઈને એને સમજાવી આવે કે છોકરીની જાત અને છોકરાની જાત- એવું કશું હોતું નથી! ઈશ્વરે બધાંને સમાન બનાવ્યાં છે, આ બધું અભણ માણસોનું અજ્ઞાન છે, સમાજને નવો રાહ ચીંધવાની જરૂર છે, વગેરે, વગેરે. પણ એમને એમની "મોટાઈ" નડતી. આટલા મોટા બંગલાવાળાં, આટલા મોટાં લેખિકા અને એક તુચ્છ સ્ત્રીના ઘરે જઈને ઉપદેશ આપે!

પણ તો ય વળી-વળીને એમની નજર લખીના ઘર તરફ તો જતી જ! લખીની દિકરી ભારતી લખી જેવી જ ઘાટીલી અને ભરાવદાર હતી. અને એમ તો સાવ નાની કહેવાય એવડી પણ નહોતી. ચૌદ-પંદર વરસની કાઠું કાઢી ગયેલી દીકરીને આટલું બધું શું ટોક-ટોક કરવાનું?

માલવિકામેડમને જેટલો ગુસ્સો લખી ઉપર આવતો હતો એટલો જ એના ઘરવાળા કરસન ઉપરે ય આવતો હતો. કરસનમાં ઘરવાળીને કંઈ કહેવાની તાકાત જ નહીં? અને એમ તો ભારતી સિવાય બીજું સંતાન પણ હતું એમને. લગભગ ભારતીની જ ઉંમરનો કલ્પેશ પણ એ પરિવારનો હિસ્સો હતો. પણ મજાલ છે લખીની કે એને કંઈ કહે? કરસન પોતે કહેતો કે કલ્પેશને લખીએ બહુ મોંઢે ચડાવ્યો છે. એમના સંસારના માંડ-માંડ બે છેડા ભેગા થતા હોય તો ય કલ્પેશને પાણી માંગો ત્યાં દૂધ મળે અને એ દૂધ ભારતી જ આપે! એનો વાંક શું, તો કહે- "છોકરીની જાત!"

માલવિકામેડમ બંગલામાં રહેવા આવ્યાં એટલે કરસન કામકાજનું પૂછવા આવ્યો. પણ માલવિકામેડમે ત્યાં સુધીમાં કરસનના "સંસાર"નું અવલોકન કરી લીધું હતું એટલે લખીને રાખવાની તો વાત જ એમણે ઉડાડી દીધેલી પણ કરસનને ડ્રાઈવિંગ આવડતું હોવાનું જાણીને એને ડ્રાઈવર તરીકે રાખ્યો હતો. એમ તો ભારતી અને કલ્પેશનાં નામ પણ માલવિકાએ કરસન પાસેથી જ જાણ્યાં હતાં. ભારતીને તો રોજ ઘરની આગળ કચરો વાળતાં અને બહાર વાસણ માંજતાં માલવિકા જુએ પણ એ સિવાય પણ બીજું કોઈ સંતાન છે કે કેમ એવું પૂછતાં કરસને શરમાઈને કલ્પેશનું નામ કહેલું. કરસન સાવ સીધો-સાદો અને શરમાળ પ્રકૃતિનો હતો. પૂછો એટલો જ જવાબ આપે. એટલે મોકો મળે ત્યારે એની આગળ એ નારીવાદનો ઝંડો લહેરાવતાં પણ એમાં એ શું કહેવા માંગે છે એ બિચારા ભોળા કરસનને ખબર પડતી નહીં. અને સીધી વાત કરવામાં માલવિકામેડમને ખચકાટ થતો.

પણ જ્યારે-જ્યારે બંગલાની બાલ્કનીમાંથી માલવિકામેડમની નજર કરસનના ઘર ઉપર પડતી ત્યારે-ત્યારે એમને પેલો "ત્રાસ" તો થઈ જ આવતો! મોટા ભાગે ભારતી એમને ઘરનું કામકાજ કરતી નજરે ચઢતી. એમ તો લખી પણ બીજા બંગલાઓનાં કામ કરતી, પોતાના ઘરનું પણ ધ્યાન રાખતી, આજુ-બાજુમાં રહેતાં લોકોની સાથે મધુર વ્યવહાર કરતી પણ એ બધું ય પાણીમાં! ભારતી માટે તો એ બહુ કડક વલણ અપનાવતી.

પણ તો ય ભારતીના ચહેરા ઉપર ક્યાંય દુઃખ કે ગ્લાનિ કળાતાં નહોતાં. ઉપરથી એ હંમેશાં હસતી-રમતી રહેતી. સાવ ભલી-ભોળી અને નિર્દોષ ભારતી આખો દિવસ પતંગિયાની જેમ ઊડાઊડ કરતી રહેતી. આવી કૂમળા ફૂલ જેવી દિકરીની ઉપર શું આટ-આટલી કચકચ? એક વાર માલવિકાએ એને પોતાના બંગલામાં કમ્પાઉન્ડમાં કચરો વાળવા બોલાવી હતી ત્યારે પણ ઝટઝટ કચરો વાળીને એ "ભ'ઈને કંઈક કામ હશે તો મને બોલાવતો હશે, હું જલ્દી જાઉં, મા મને લડશે" કહીને પોતાના ઘરે દોડી ગઈ હતી. માલવિકા સમસમી ગઈ હતી. ભાઈનો આટલો બધો ખોફ? કચરો વાળવાના પૈસા પણ માલવિકાએ પછીથી કરસનને આપવા પડ્યા હતા.




પણ એક દિવસ ઊગ્યો જ્યારે માલવિકામેડમને લખીને જ્ઞાન આપવાનો મોકો મળી ગયો. એ દિવસે માલવિકામેડમ પોતાના બંગલાના કમ્પાઉન્ડમાં બેસીને એક લેખને અંતિમ ઓપ આપી જ રહ્યાં હતાં ત્યાં એક ટહુકો સંભળાયોઃ "બેન, અંદર આવું?" માલવિકામેડમ આશ્ચર્યમાં પડી ગયાં, "અરે, લખી, તું? આવ, આવ." લખી ધીમે પગલે આવીને માલવિકામેડમના પગ આગળ બેઠી. "બેન, મારી પાંહે બચત કરી-કરીને તીસ હજાર જેવું જમા થ્યું સે. તે ઓલું બેંકમાં પૈસા મૂકાય ને વિયાજ મલે ઈ કાંઈક કે'વાય ઈ કરાવી દ્યો ને!"

માલવિકામેડમને આ ગમાર ઉપર હસવું આવી ગયું. "એફ. ડી. કરાવવી છે તારે?" જવાબમાં લખી પણ હસી, "હા, હા, ઈ જ. આ કલ્પેસના બાપુને તો કે'વાય નઈ નકર ઈ પાસા હા-ના કરે." માલવિકામેડમે મોકો ઝડપી લીધો, "હા, તો બોલ, ભારતીના માટે પૈસા મૂકવાના છે ને? કાલ ઊઠીને એ સાસરે જાય તો એને કામમાં આવે." લખીના ચહેરા ઉપર લજ્જા પથરાઈ ગઈ, "ના રે ના, મને જેમ એના બાપુ જેવો સીધો ઘરવાળો મલ્યો ને એમ ભગવાન એની ય હામું જોસે. આ પૈસા તો કલ્પેસના માટે મૂકવાના સે."

માલવિકામેડમથી હવે રહેવાયું નહીં. "જો લખી, તું હવે કલ્પેસની જ ચિંતા કર્યા કરવાનું છોડ અને ભારતીનું પણ વિચાર." લખીના ચહેરા ઉપર સરળતા હતી, "બેન, ઈ તો છોકરીની જાત! હંધું ય અપનાવી લેસે. ઈ ગુણ તો ભગવાને અસ્તરીની જાતને જ આપ્યો સે. એટલે જ ઈને હું બરોબર તૈયાર કરું સું. પણ મારા કલ્પેસનું કોણ? ઈ દોઢ વરહનો હતો તંયે રમતાં-રમતાં તમારા જેવા એક મોટા બંગલાના ધાબેથી પડ્યો 'તો ત્યારથી એના બે ય પગ ભાંગી ગ્યા સે. ઈની મા તો બચાડી એક વરહમાં સરગે સિધાવી ગઈ. તી પસી ઈના બાપુએ મારી હારે લગન કર્યાં. ભારતી મારી કૂખે જનમી સે. ઈને ય મું સીખવાડું કે કલ્પેસનું ધ્યાન હંધાયથી પે'લું રાખવાનું." માલવિકામેડમને સ્તબ્ધ જોઈને એ જતાં-જતાં બોલી, "હારું, બેન, તંયે કાલે હું ફોરમ લેવા આવીસ હોં!"

માલવિકામેડમની કલમ હજી પણ નારીવાદી લેખ લખી રહી હતી. બસ, એની દિશા બદલાઈ ગઈ હતી.

# રસ નથી બાકી કોઈમાં કે હું સંબંધ બાંધુ, આ ઉદાસીનતા મારી છે, અહંકાર નથી : મરીઝ

**રસ નથી બાકી કોઈમાં કે હું સંબંધ બાંધુ**
**આ ઉદાસીનતા મારી છે, અહંકાર નથી**

**- મરીઝ**

માણસ એટલે દુનિયાનું એવું પ્રાણી કે જે ભીડ વચ્ચે ઊભો હોય ત્યારે એને એકલતા સાલે અને એકલો હોય ત્યારે ભીડને યાદ કરીને આંસુ સારે. કોઈ ના બોલાવે તો એને વાંધો પડે અને ક્યારેક કોઈ બોલાવે એમાંય વાંધો પડે!

મને લાગે છે કે ભગવાને માણસને સહેજ બુદ્ધિ આપીને એનું જીવન બૂઠું કરી નાખ્યું છે. જિંદગી જીવવા માટે છે, પ્રેમ કરવા માટે છે, બીજાને તો ઠીક પણ પોતાની જાતને પ્રેમ કરવાની તાતી જરૂર છે એ બધું આપણે બધા જ જાણીએ છીએ અને તોય અમલમાં નથી મૂકતાં. અમલમાં શું મૂકીએ છીએ એની ઉપર એક નજર કરીએ તો સૌથી આગળ આવે આપણું છોડીને બીજું માણસ કેવું હશે એ વિચારવાની મથામણ. આ માણસ બિલકુલ વાત નથી કરતો એટલે એ ચોક્કસ મીંઢો હશે, આ માણસ બહુ હસ્યા કરે છે એનો ઉપલો માળ ખાલી લાગે છે, પેલીની બકબક એક પળ માટેય બંધ નથી થતી એના પેટમાં કોઈ વાત ટકી ના શકે, અરે આની ચાલ કેમ બદલાયેલી છે નક્કી એ કોઈકની સાથે ચાલું છે...અરે બસ કરો યાર! જે જેવું છે એને એવું જ આપણે કેમ નથી છોડી દેતા...

આ દુનિયામાં જ્યાં બે માણસોની આંગળીઓની છાપ પણ મળતી નથી આવતી ત્યાં બે માણસોના સ્વભાવ મળતાં આવે એ જરૂરી નથી. કોઈ સાથે મિત્રતા કરવા કે પછી એ સંબંધને એથીય વધારે આગળ લઈ જવા એ બે માણસો બધી વાતે એક સરખા હોવા જોઈએ એવું નથી. સમાન સ્વભાવ ધરાવતી, એક સરખા રસ રુચિ ધરાવતી વ્યક્તિઓ વચ્ચે દોસ્તી આસાનીથી થઈ જાય છે એ ખરું પણ ક્યારેક એક બીજાથી તદ્દન ભિન્ન હોય એવા લોકો પણ એકબીજાના ખૂબ સારા મિત્રો બની જાય છે અને આ મિત્રતા આજીવન ટકે પણ છે. કોઈ એક મિત્ર ખૂબ વાચાળ હોય અને બીજો બોબડી બંધ રાખવામાં જ માનતો હોય, તોળી તોળીને એક એક શબ્દ બોલતો હોય ત્યારે એ ઓછું બોલનાર માણસની લાગણી ઓછી નથી હોતી પણ એ એનો સ્વભાવ છે.

તમારી આસપાસ તમે એવા માણસોને જોયા હશે જેમને બીજા કોઈ માણસમાં, બીજી કોઈ વ્યક્તિમાં સહેજ પણ રસ ના હોય. એ એમની એકલતામાં જ ખુશ છે. એમની ઉદાસ જિંદગી એમને શાંતિ આપે છે. એમને ક્યારેય ઈચ્છા જ નથી ઘરની બહાર જવાની, લોકોને મળવાની, કે પછી ફોન પર લાંબી લાંબી વાતો કરવાની. એમના જીવનમાં બિલકુલ મિત્રો ના હોય એવું નથી પણ જેમને રોજ સવારે ઉઠતા જ "ગુડ મોર્નિંગ" અને રાત્રે "ગુડ નાઈટ" ફરજિયાત કહેવું જ પડે એવા મિત્રો નથી તો શું એ લોકો ડિપ્રેશનમાં છે? ના.

જેમ અમુક લોકોને ટોળામાં રહેવું ગમે એમ અમુકને એકલતા વધારે ફાવે એટલે એ દુઃખી છે એવું માની લેવું ભૂલ ભરેલું છે. કોઈકને આખો દિવસ બોલવા જોઈએ, સામે કોઈ ના મળે તો છેવટે ફોન કરીને પણ લાંબી લાંબી વાતો કરવાની ટેવ હોય તો કેટલાક એવા પણ છે જે ખાવા કે પીવા સિવાય ભાગ્યે જ એમનું મોઢું ખોલતા હોય. માણસ માત્ર અલગ છે અને આપણે એને એ જેવો છે એવો જ સ્વીકારવો રહ્યો.

એક જગ્યાએ લગ્નના થોડા દિવસો બાદ પતિના ધ્યાનમાં આવ્યું કે એની પત્ની આખો દિવસ ગુમસૂમ રહે છે. એ જરૂર પડતું બોલીને તરત જ એના હોઠ ભીડી લે છે અને પછી એના ઓરડામાં ચાલી જાય છે. પતિને એમ કે એની પત્નીને અહીંયા ફાવતું નથી. એ મનોમન રીબાયા કરે છે અને કહી નથી શકતી. નક્કી એને એનું ઘર, એના માબાપ વગેરે યાદ આવતા હશે. પતિએ દર અઠવાડિયે પત્નીને એના પિયર લઈ જવાનું ચાલું કર્યું. એને એમ કે આમ કરવાથી પત્નીને સારું લાગશે અને એ હસતી બોલતી થઈ જશે. કોઈ ફરક ના પડ્યો. પતિએ નિરાશ થયા વગર બીજા ઉપાય ખોળ્યા.

જ્યારે પણ એ ઑફિસેથી વહેલો ઘરે આવી જતો એ કોઈ ને કોઈ મિત્રને એની પત્ની સાથે ઘરે જમવા બોલાવી લેતો. રાતના મોડે સુધી એમનો ખાણીપીણીનો પ્રોગ્રામ ચાલતો. બધા ખૂબ હસતાં, વાતો કરતાં અને એ સાંજ જાણે જીવંત બની જતી. જેવું કોઈ નવું પિક્ચર આવે એ પતિ એની પત્નીને સાથે લઈને ફિલ્મ જોવા જતો. એ કારણ વગર પત્ની માટે ગિફ્ટ લઈ જતો અને એની સાથે વાતો કરવાનો સતત પ્રયત્ન કર્યા કરતો...પણ પત્નીનું વર્તન સાવ ઠંડુ જ રહેતું. સહેજ સ્મિત અને "હા" કે "ના"માં જવાબ આપ્યા સિવાય એને જાણે બીજું કશુંય આવડતું જ નહોતું.




તમે ઘરે એક ફૂલછોડ લઈ આવો છો, રોજ એને પાણી આપો છો, એનું ધ્યાન રાખો છો અને છતાં એ છોડ સુકાવા લાગે તો? તમે તમારાથી બનતા બધા જ પ્રયાસ કરી લો છતાં એ છોડ સુકાઈ જાય ત્યારે? સીધી વાત છે આવું થાય ત્યારે તમને દુઃખ થશે અને પછી તમે એ સુકાયેલા છોડને પાણી આપવાનું બંધ કરી દેશો. અફસોસ એટલો કે છોડ સુકાઈ રહ્યો છે એ નજરે દેખાય છે પણ માણસ સુકાઈ રહ્યો છે કે નહીં એ વિશે આપણે ફક્ત અનુમાન લગાવી શકીએ છીએ.

એક દિવસ કંટાળીને પતિએ પત્નીને કહી દીધું કે, હવે મારાથી વધારે પ્રયત્ન નહીં થાય. તને હું ના ગમતો હોઉં તો કહી દે, મારી કોઈ આદત તને નાપસંદ હોય તો એ પણ કહી દે હું આખેઆખો બદલાઈ જઈશ પણ હવે તારું આમ ઉદાસ રહેવું મને અકળાવે છે.

પત્નીએ ખૂબ જ સહજ રીતે જવાબ આપ્યો, તમને એવું કેમ લાગે છે કે હું અહીં ખુશ નથી? હું ખુશ છું, મને અહીંયા ફાવી ગયું છે. તમે મને ગમો છો, ખૂબ ગમો છો. હા, હું થોડા અતડા સ્વભાવની છું, મને વધારે વાત કરવાનું નથી ફાવતું પણ એનો મતલબ એ નથી કે હું દુઃખી છું. મને મૌન રહેવું ગમે છે એ મારી ઉદાસીનું કારણ નથી. મારા રૂમમાં એકલા બેસી પુસ્તક વાંચવું કે ફિલ્મ જોવી એ જ મારો શોખ છે. તમારો સાથ, તમારું મારી પાસે હોવું બસ એટલું જ મારા માટે આજીવન ખુશ રહેવા પૂરતું છે એને માટે તમારે બીજા કોઈ પ્રયત્ન કરવાની જરૂર નથી.

મૂંગા, અતડા, હંમેશા પોતાના કામમાં જ ડૂબેલા રહેતા, કોઈ સાથે હળવા મળવાનું સહેજે પસંદ ના હોય એવા લોકોને પરાણે ભીડ વચ્ચે દોરી જવું એ એમને ત્રાસ આપવા જેવું છે. કોઈ ભીડનો માણસ હોય તો કોઈ એકલતાનો, એમને એ જેમ છે એમ જ રહેવા દઈએ.

**અમસ્તું,**

આ જગમાં દરેક માણસ નોંખો છે એમાં કેટલાકનું ચૂપ રહેવું એ એમનો સ્વભાવ છે અહંકાર નહીં.

@KapadiaNiyati

(તમને મારો આજનો લેખ કેવો લાગ્યો? અભિપ્રાય આપવા nakharalijindagi@gmail.com પર મેઈલ કરો.)